તાપમાન
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૩૬ ટકા ● સાંજે ૧૮ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૯ ૧ માર્ચ, ૨૦૧૬, મંગળવાર ; મહા વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કૃષિ ક્ષેત્ર માટે ગુલાબી અંદાજપત્ર

## ઇન્કમ ટેક્સના સ્લેબ યથાવત : સરચાર્જમાં વધારો : હવે ફુડમાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજુરી આપવાનો જેટલીનો નિર્ણય : દસ લાખથી ઉપરની કાર મોંઘી થઇ, પ્રથમવાર મકાન ખરીદનારને રાહત : ભારતીય અર્થવ્યવસ્થાની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લઇને મહત્વપૂર્ણ નિર્ણય કૃષિ, ગ્રામીણ ક્ષેત્ર અને નબળા વર્ગોને પ્રાથમિકતા આપવાની જાહેરાત કરાઈ

નવી દિલ્હી,તા. ૨૮

નાણામંત્રી અરુણ જેટલીએ લોકોની શ્રેણીબદ્ધ અપેક્ષાઓ અને આશા વચ્ચે સંસદમાં ૨૦૧૬-૧૭ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. બજેટ રજૂ કરતા જેટલીએ ઈન્કમટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કર્યા નથી પરંતુ અમીરો ઉપર સરચાર્જમાં વધારો કરી દીધો છે. આ ઉપરાંત અન્ય કેટલીક મહત્વની જાહેરાતો પણ કરી હતી. ૨.૫ લાખથી પાંચ લાખ સુધીની આવક પર પ્રવર્તમાન ૨૦૦૦ રૂપિયાથી ટેક્સ રાહત વધારીને ૫૦૦૦ કરાઇ છે. વ્યક્તિગત કરદાતાઓ માટે ટેક્સ રેટ અને રાહત યથાવત રહી છે. આનો મતલબ એ થયો કે વ્યક્તિગત કરદાતાઓ જે લોકોની આવક ૨૫૦૦૦૦ છે તેમના પર કોઈ ટેક્સ રહેશે નહીં. સિનિયર સિટીઝનો, ૮૦ વર્ષથી ઉપરની વયના લોકો માટે તમામ નિયમો યથાવત રહ્યા છે. બજેટમાં જેટલીએ ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બે ગણી કરવાની જાહેરાત કરી છે. કૃષિ ક્ષેત્ર માટે ૩૬૦૦૦ કરોડની ફાળવણીની જાહેરાત કરાઈ છે. નવી પાક વિમા યોજના માટે પણ જંગી જાહેરાત કરાઈ છે. બજેટમાં કેટલીક ચીજો ઉપર સેસ લાગૂ કરાયો છે. પ્રથમ વખત મકાન ખરીદનારને વ્યાજમાં ૫૦૦૦૦ રૂપિયાની છુટછાટ મળશે. જો કે, મકાનની કિંમત ૫૦ લાખથી વધુ હોવી જોઈએ નહીં. પાંચ લાખ સુધીની આવક પર ૩૦૦૦ રૂપિયાની છુટછાટ આપવામાં આવી છે. હાઉસ રેંટ પર ટેક્સમાં છુટછાટ આપવામાં આવી છે. પાંચ લાખની આવક પર એચઆરએમાં છુટછાટ

● અનુસંધાન પાન-૭ પર

### કઇ ચીજો સસ્તી થશે...

બજેટમાં વિવિધ પગલાઓના પરિણામ સ્વરુપે ઘણી બધી ચીજો સસ્તી પણ થઇ છે. પ્રથમ વખત મકાન ખરીદનાર લોકોને સીધી રાહત મળી શકે છે. જો કે, મકાનની કિંમત ૫૦ લાખથી ઉપર હોવી જોઇએ નહીં. વિકલાંગોને અપાતા સહાયક સાધનોની કિંમતમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આવાસ રેંટ પર ટેક્સમાં પણ રાહત આપવામાં આવી છે. ઘણા લોકોને ફાયદો થયો છે જ્યારે કેટલાકને નુકસાન પણ થયું છે. જે ચીજો સસ્તી થઈ છે તે નીચે મુજબ છે.


- પ્રથમ વખત મકાન ખરીદનારને વ્યાજમાં ૫૦૦૦૦ રૂપિયાની રાહત
- પાંચ લાખ સુધીની આવક પર ૩૦૦૦ રૂપિયાની રાહત
- હાઉસ રેંટ પર ટેક્સમાં રાહત
- પાંચ લાખની આવક પર એચઆરએમાં રાહત ૨૪૦૦૦થી વધારીને ૬૦૦૦૦ કરાઈ
- ૩૫ લાખના હોમ લોન ઉપર ટેક્સમાં ૫૦૦૦૦ની રાહત
- વિકલાંગોના સહાયક સાધનોમાં

### રૂપિયો ક્યાંથી આવશે....

| | |
|---|---|
| નોન ટેક્સ રેવન્યુ | ૧૩ પૈસા |
| સર્વિસ ટેક્સ અને અન્ય ટેક્સ | ૧૨ પૈસા |
| કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી | ૧૨ પૈસા |
| કસ્ટમ ડ્યુટી | ૦૯ પૈસા |
| ધિરાણ અને અન્ય | ૨૧ પૈસા |
| કોર્પોરેટ ટેક્સ | ૧૯ પૈસા |
| ઈન્કમટેક્સ | ૧૪ પૈસા |
| કુલ | ૧૦૦ પૈસા |

### રૂપિયો ક્યાં જશે

| | |
|---|---|
| ટેક્સ અને ડ્યુટીમાં રાજ્યોનો હિસ્સો | ૨૩ પૈસા |
| અન્ય બિન યોજના ખર્ચ | ૧૨ પૈસા |
| સબસિડી | ૧૦ પૈસા |
| સંરક્ષણ | ૧૦ પૈસા |
| રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશોને બિન યોજના સહાય | ૦૫ પૈસા |
| રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને યોજના સહાય | ૦૯ પૈસા |
| કેન્દ્રીય યોજના | ૧૨ પૈસા |
| વ્યાજ ચુકવણી | ૧૯ પૈસા |
| કુલ | ૧૦૦ પૈસા |



# સર્વિસ ટેક્સ ૧૫ ટકા કરાયો

## રેલ-વિમાની ટિકિટ મોંઘી : રેસ્ટોરન્ટમાં ભોજન, સિનેમા, બ્યુટી પાર્લર જવાની બાબત મોંઘી : કૃષિ સેસ લાગૂ કરી દેવાતા સર્વિસ ટેક્સની હદમાં આવતી તમામ સેવા વધુ મોંઘી થશે : એટીએમમાંથી પૈસા ઉપાડવાની બાબત પણ વધુ ખર્ચાળ બનશે

નવી દિલ્હી,તા. ૨૯

નાણામંત્રી અરુણ જેટલીએ આજે વર્ષ ૨૦૧૬-૧૭ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. જેમાં જેટલીએ અનેક મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. આના ભાગ રુપે એટીએમમાંથી પૈસા ઉપાડવાની બાબત તથા વિમાન અને રેલવે ટિકિટ વધારે મોંઘી બની ગઇ છે. આ ઉપરાંત બહાર ભોજન કરવાની બાબત પણ સામાન્ય લોકો માટે વધારે મોંઘી સાબિત થશે. બજેટમાં વિવિધ પગલાઓના પરિણામ સ્વરુપે કેટલીક સર્વિસ વધુ મોંઘી થઈ ગઈ છે. બજેટમાં સામાન્ય લોકો સાથે જોડાયેલી જે ચીજો મોંઘી થઈ ગઈ છે જેમાં સિગારેટ, ફિલ્મ નિહાળવાની બાબત, રેડીમેડ વસ્ત્રો, કાર, સોનાની વસ્તુઓ, જુદી જુદી વિમા સ્કીમોનો સમાવેશ થાય છે. ડાયમંડ, મોબાઈલ, કેબલની ચીજો પણ મોંઘી થઈ છે. ૧૦ લાખથી ઉપરની કાર વધારે મોંઘી થશે. પેટ્રોલ અને સીએનજી ઉપર ટેક્સમાં વધારો કરાયો છે. બીજી બાજુ અમીર લોકો ઉપર સરચાર્જ ૧૨ ટકાથી વધારીને ૧૫ ટકા કરાયો છે. ડીઝલ કાર પર ૨.૫ ટકા ટેક્સ અને દરેક પ્રકારની કાર મોંઘી કરાઈ છે.

● અનુસંધાન પાન-૭ પર



બજેટ વિશ્લેષણ - કેન્દ્રીય બજેટની રજૂઆતની સાથે સાથે તજજ્ઞો દ્વારા જીવંત વિશ્લેષણનો પ્રસંશનીય કાર્યક્રમ ગુજરાત વેપારી મહામંડળ ખાતે યોજાયો હતો... બજેટની એક એક દરખાસ્તો પર આર્થિક ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા લાભાલાભની રસપ્રદ ચર્ચાઓ અને ઝીણવટભરી નોંધ લીધી હતી.

# પેટ્રોલના ભાવમાં ૩.૦૨નો ઘટાડો

## ગુજરાતમાં પેટ્રોલમાં ૩.૧૫નો ઘટાડો જ્યારે ડીઝલમાં ૧.૪૭નો વધારો પરંતુ ગુજરાતમાં વધારો ૧.૫૨નો રહેશે : ડીઝલ કાર ધારકને બેવડો ફટકો

અમદાવાદ-નવીદિલ્હી, તા.૨૯

કેન્દ્રીય સામાન્ય બજેટ આજે રજૂ કરવામાં આવ્યું હતું. બજેટના દિવસે જ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. એકબાજુ પેટ્રોલની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે ત્યારે ડીઝલની કિંમતમાં વધારો થયો છે. વેટ અને સેલટેક્સ સિવાય પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૩.૦૨ રૂપિયાનો ઘટાડો થયો છે. જો કે ગુજરાતમાં આ ઘટાડો લીટરદીઠ ૩.૧૫ રૂપિયાનો રહેશે. અમદાવાદમાં પેટ્રોલની નવી કિંમત ઘટીને ૫૮.૨૮ થઈ ગઈ છે જે હાલમાં લીટરદીઠ ૬૧.૪૩ રૂપિયા છે.

રાજ્યના તમામ ભાગોમાં પેટ્રોલની કિંમતમાં વેટ સાથે ૩.૧૫ રૂપિયાનો ઘટાડો થયો છે પરંતુ ડીઝલની કિંમતમાં વધારો થયો છે. ડીઝલ કાર ધારકોને બેવડો ફટકો પડ્યો છે. કારણ કે એક બાજુ કારમાં એકથી ચાર ટકાનો સેસ બજેટમાં લાગૂ કરવામાં આવ્યો છે જેના કારણે કાર મોંઘી થઈ છે. બીજી બાજુ ડીઝલની કિંમતમાં લીટરદીઠ વેટ સિવાય ૧.૪૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. પરંતુ આ વધારો ગુજરાતમાં વેટ સાથે લીટરદીઠ ૧.૫૨નો રહેશે.

અમદાવાદમાં ડીઝલની નવી કિંમત ૫૦.૯૮ રૂપિયા થઇ ગિ છે જ્યારે વડોદરામાં ડીઝલની નવી કિંમત ૫૦.૭૧ રૂપિયા થઇ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ દિલ્હીમાં તાત્કાલિક ધોરણે પેટ્રોલની કિંમત ઘટીને ૫૯.૬૩ રૂપિયાના બદલે હવે ૫૬.૬૧ રૂપિયા થઈ ગઈ છે. ડીઝલની કિંમત ૪૪.૯૬ રૂપિયાથી વધીને ૪૬.૪૩ રૂપિયા થઈ ગઈ છે.

### કઇ ચીજો મોંઘી થશે...

- ૧૦ લાખથી વધુ કિંમતની કાર
- પેટ્રોલ, સીએનજી પર ટેક્સમાં વધારો
- અમીરો પર સરચાર્જ ૧૨ ટકાથી વધારીને ૧૫ ટકા
- એસયુવી કાર પર ચાર ટકા ટેક્સ વધ્યો
- ડિઝલ કાર પર ૨.૫ ટકા ટેક્સ વધ્યો
- તમામ પ્રકારની કાર મોંઘી થઈ
- બેટરી કારને છોડીને તમામ કાર વધુ મોંઘી બનશે
- બીડીને બાદ કરતા તમામ પ્રકારના તમાકુ પેદાશ
- સિગારેટ અને સિગાર
- સોનાના દાગીનાઓ
- બ્રાન્ડેડ વસ્ત્રો
- રેસ્ટોરન્ટમાં જમવાની બાબત
- સિનેમા અને કેબલ
- વિમાની અને રેલવે ટિકિટ
- બ્યુટી પાર્લરમાં જવાની બાબત
- વિમા પોલિસી
- જીમમાં જવાની બાબત
- એટીએમમાંથી પૈસા ઉપાડવાની બાબત
- મોબાઈલ ફોન બિલ

# બજેટમાં વિઝન નથી : કોંગ્રેસ

નવીદિલ્હી,તા. ૨૯

કેન્દ્રીયમંત્રી અરુણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટની વિરોધ પક્ષોએ જોરદાર ઝાટકણી કાઢી અને કહ્યું છે કે, આમા કોઈપણ પ્રકારના વિઝન દેખાતા નથી. માત્ર કાલ્પનિક બાબતો અને વચનોનો ઉલ્લેખ છે. માત્ર ખાલી વચનોથી ખેડૂતોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરાયા છે. બજેટ ગરીબ લક્ષી હોવાની બિલકુલ આધારવગરની છે.

● અનુસંધાન પાન-૭ પર

